તા. ૨૨-૦૧-૨૦૨૫

દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૧

# કોલ્ડપ્લે માટે ટ્રેનની ફ્રીકવન્સી વધારવા મેટ્રોની યોજના

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

25 અને 26 જાન્યુઆરીના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાવાની છે. જેમાં ગુજરાત તેમજ દેશમાંથી મોટી સંખ્યામાં લોકો આવશે. સ્ટેડિયમ સુધી પહોંચવામાં લોકોને કોઈ તકલીફ ના પડે તે માટે ટ્રેનની ફ્રીકવન્સી વધારવા માટે મેટ્રોની યોજના છે. જેથી મોડી રાત સુધી લોકોને મેટ્રો મળી રહેશે.

અગાઉ પશ્ચિમ રેલવેએ પણ કોન્સર્ટને ધ્યાનમાં રાખી અમદાવાદથી મુંબઈ વચ્ચે બે 'વિન્ટર સ્પેશિયલ' દોડાવવાની જાહેરાત કરી છે. આઈપીએલ અને ક્રિકેટ વર્લ્ડ કપમાં પણ મોડી રાત સુધી વધારાની ટ્રેન દોડાવવામાં આવી હતી.